**Sessions Case No.19/2024**


| | |
|---|---|
| Received on | 21-02-2024 |
| Registered on | 21-02-2024 |
| Decided on | 01-04-2026 |
| Duration | 02 - 01 - 10 |
| | YY - MM - DD |


सत्यमेव जयते

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

====================================

**ચુકાદો આપ્યાની તારીખ :** — **સેસન્સ કેસ નં. ૧૯/૨૦૨૪**

**તા. ૦૧–૦૪–૨૦૨૬** — **આંક – ૪૩**

( ડભોડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૦૪૨૩૦૪૮૦/૨૦૨૩
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ )

**–:: ફોર્મ–એ ::–**

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદી તર્ફે | **વિધ્વાન એ.પી.પી.શ્રી પી.ડી.વ્યાસ.** | |
| આરોપીઓ | ૧. **ધમેન્દ્રકુમાર ઉર્ફે વિવેક સ/ઓ બંગાલીબાબુ દિવાકર (ધોબી),** રહે. મકાન નં.૫૦૩, અંબીકાનગર, નેતાજીની સામે, મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર, અમદાવાદ, મુળ રહે. ગામ–ગઢી ઉદયરાજ, તા.ફતેહાબાદ જી.આગર, ઉત્તરપ્રદેશ, | ઉ.વ.૨૩ |
| | ૨. **સતેન્દ્રસિંહ ઉર્ફે સત્તે સન/ઓ લાલસિંહ બદનસિંહ દીવાકર (ધોબી),** રહે. ગલી નં.૧, આંબેડકર નગર, પ્રેમનગર મેમ્કો ચાર રસ્તા નજીક, મેઘાણીનગર, અમદાવાદ, મુળ વતન–ગામ ગઢી ધર્મજીત, ધાનોલા ફળી, તા.ફતેઆબાદ, જી.આગરા, ઉત્તરપ્રદેશ | ઉ.વ.૨૫, |
| | ૩. **દીનેશસિંહ સન/ઓ રામબરન રામેશ્વર કુશવા,** રહે. મ.નં. ૩૦૯, માતૃભુમી સોસાયટી, કલાપી નગર, મેઘાણીનગર, જી.અમદાવાદ, મુળ રહે. ગામ– રોન્દા, પ્રતાપકા, પુળા, તા.અટેર, જી. ભીંડ, મધ્યપ્રદેશ. | ઉ.વ.૨૧ |

**Sessions Case No.19/2024**

| | |
|---|---|
| આરોપી નં.૧,૨ તર્ફે<br>આરોપી નં.૩ તર્ફે | **વિ.વ.શ્રી. વી.બી.ચારસીયા,**<br>**વિ.વ.શ્રી. જે.એમ.વાઘેલા.** |

## –:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૮/૦૯/૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૮/૦૯/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૨/૧૨/૨૦૨૩ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૧૩/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૯/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | આખરી હુકમ મુજબ |

## –: આરોપીની વિગતો :–

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમય ગાળો (Cr.P.C.Se. 428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધમેન્દ્રકુમાર ઉર્ફે વિવેક સ/ઓ બંગાલીબાબુ દિવાકર (ધોબી), | ૧૧/૧૦/૨૩ | ૨૩/૧૦/૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | –––––– |
| ૨ | સતેન્દ્રસિંહ ઉર્ફે સત્તે સન/ઓ લાલસિંહ બદનસિંહ દીવાકર | ૧૧/૧૦/૨૩ | ૨૩/૧૦/૨૩ | ––સદર–– | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | –––––– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | (ધોબી), | | | | | | |
| ૩ | દીનેશસિંહ સન/ઓ રામબરન રામેશ્વર કુશવા, | ૧૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | --સદર-- | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ------ |

## :: જજમેન્ટ ::

**૦૧.** આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુના સંબંધેના આક્ષેપ છે.

**૦૨.** **<u>ફરીયાદ પક્ષનો કેસ</u> :-**

ફરીયાદી રમેશભાઈ હરૂમલ મનવાણીએ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ પી.એસ.આઈ. એમ.એસ. રાણા, ડભોડા પોલીસ સ્ટેશન, ગાંધીનગર સમક્ષ ફરીયાદ આપેલી છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે :-

- આ કામના ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે પરિવાર સાથે રહે છે. ફરીયાદી તથા દિપકભાઈ દુધાણી નાઓને ભાગમાં આલમપુર શાકમાર્કેટમાં શિવશકિત નામની ફ્રુટની દુકાન આવેલ છે જેમાં તેઓ વેપાર કરે છે.
- તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ સવારમાં સાત વાગ્યે ફરીયાદી તેમના ઘરથી નીકળી તેમના નવા એકસેસ ટી.સી. નં.જી.જે.૨૭ ટી સી ૦૦૪૨ નું લઈને આલમપુર તેમની દુકાને ગયેલા અને બપોરના આશરે પોણા બે વાગ્યાના સુમારે તેમનું સદર એકસેસ લઈને ઘરે જવા નીકળેલ તે વખતે એકસેસ ની ડેકીમાં રૂા.૧૨,૦૦૦/- તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કે જેનો સીમ નં. ૭૪૩૩૯ ૮૮૬૬૨ હતો. તે મુકેલ ને આશરે બે વાગ્યાના સુમારે વલાદ બ્રીજના છેડે આવતા તેમની પાછળ થી સફેદ રંગના એકટીવા ઉપર ત્રણ માણસો આવી એકસેસ આગળ તેમનું એકટીવા ઉભું કરીને કહેલ કે, ''તું અમને કેમ ગાળો બોલે છે.'' જેથી ફરીયાદીએ કહેલ કે, હું કયા તેમને કશું બોલું છું તે વખતે વખતે પાછળ એક મોટર સાયકલ ઉપર ત્રણ માણસો આવીને ફરીયાદીની બાજુમાં ઉભી રહી ગયેલ અને તેમાંથી એક માણસે ફરીયાદીના એકસેસની ચાવી ખેંચી લેતા ફરીયાદી તેમના

એકસેસની ચાવી લેવા જતા તેમાંથી બે માણસોએ તેમની પાસેની છરીઓ કાઢી બતાવતા ફરયાદી ગભરાઈ ગયેલ અને તેમાંથી એક માણસ ફરીયાદીનું એકસેસ લઈ ચાલુ કરી નીકળી ગયેલ અને તેની પાછળ પાછળ બીજા માણસો પણ એકટીવા અને મોટર સાયકલ લઈને તમામ નાના- ચિલોડા તરફ જતા રોડે જતા રહેલ. તે વખતે ફરીયાદીએ બુમાબુમ કરેલ. પરંતુ આજુબાજુમાં કોઈ ન હોય ફરીયાદીએ તેમના ભાગીદાર દિપકભાઈને ફોન કરી બનાવની જાણ કરતા તેઓએ પોલીસને જાણ કરેલી.

- તમામ માણસો આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના હતા જેમાં જે એકટીવા ચલાવતો હતો તેને સફેદ શર્ટ પહેરેલ હતો અને પાતળા બાંધોનો હતો અને હિન્દી ભાષામાં બોલતો હતો. જે તમામને જોયેથી ઓળખી શકે. જેથી ફરીયાદીએ તમામ માણસો વિરુધ્ધ બનાવ અંગેની હાલની ફરીયાદ કરેલ.
- ત્યારબાદ પોલીસ સ્ટેશનના સર્કલ પોલીસ ઈન્સ્પેકટર વી.જી.રાઠોડ નાઓએ ઈ.પી.કો.કલમ-૩૯૭ નો રીપોર્ટ આપતા, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ-૩૯૭ મુજબનો ગુનો બનતો હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવતું હોઈ ફરીયાદમાં ઈ.પી.કો.કલમ-૩૯૭ મુજબનો ઉમેરો કરવાનો હુકમ તા.૧૪/૧૦/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે.

**૦૩. <u>પોલીસ કાર્યવાહી</u> :-**

- ફરીયાદીએ તેઓની ફરીયાદ એમ.એસ.રાણા, પી.એસ.આઈ., ડભોડા પોલીસ સ્ટેશન, ગાંધીનગર સમક્ષ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ રજૂ કરતા પી.એસ.ઓ. અ.હે.કો. સંજયકુમાર રમણભાઈ ચૌધરી (PW-04) ફરીયાદ નોંધી લીધેલ હતી. જે ડભોડા પોલીસ સ્ટેશનના પાર્ટ- એ ગુ.ર.નં. ૪૮૦/૨૦૨૩ મુજબની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૩/૨૦૨૩ થી નોંધ કરવામાં આવેલ હતી અને આગળની તપાસ પી.આઈ.વી.જી.રાઠોડ (PW-5) ને સોંપવામાં આવેલ.
- તપાસ દરમ્યાન તપાસનીસ અધિકારીશ્રી પી.આઈ. વિનોદરાય ગોવિંદરાય રાઠોડ નાએ તહોમત- દારોને તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ અટક કરી, પંચો રૂબરૂ જરૂરી પંચનામાઓ કરી તે કામમાં સામેલ રાખેલ, સાહેદોના નિવેદનો નોંધી તહોમતદારો વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા સી.આર.પી.સી. કલમ-૧૭૩ મુજબનું ચાર્જશીટ ગાંધીનગરના ત્રીજા એડી.

જ્યુડી.મેજી.ફ.ક. ની અદાલત સમક્ષ તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ રજુ કરતા તે ફોજદારી કેસ નં.૧૨૩/૨૦૨૪ થી દાખલ કરવામાં આવેલ છે.

**૦૪. <u>ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૭ મુજબની કાર્યવાહી</u> :–**

સદર ગુનાનું ચાર્જશીટ ક્રિમી.કેસ નં.૧૨૩/૨૦૨૪ થી ગાંધીનગરના ત્રીજા એડી. જ્યુડી.મેજી.ફ.ક. ની અદાલતમાં રજુ થતાં આરોપીઓને સમન્સ કરતા હાજર થતા, ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.કલમ–૨૦૮ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની આંક–૧૩,૧૪ થી ખાત્રી કર્યા બાદ આરોપીઓની આંક–૧૦ થી ૧૨ સુધી પ્લી/ નિવેદન લેતા તેઓની સામેનો કેસ ખાનગી વકીલશ્રી ને રોકી લડવા માંગતા હોવાનું આંક–૧૫,૧૬ ની પુરસીસ થી જણાવેલ છે. પરંતુ ચાર્જશીટ જોતાં ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેસન્સ અદાલતને હોય સી.આર.પી.સી. કલમ–૨૦૯ મુજબ સદર કેસ સેસન્સ અદાલત ને તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ સેસન્સ કમીટ કરવાનો હુકમ ત્રીજા એડી. જ્યુડી.મેજી.ફ.ક. ગાંધીનગરની અદાલત ધ્વારા કરવામાં આવેલ છે.

**૦૫. <u>તહોમતનામું અને જવાબની કાર્યવાાહી :–</u>**

. સદર કામ સેસન્સ કમીટ થઈ આવતા કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ અને તહોમત દારો વિરુધ્ધ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮ અન્વયે આંક–૦૭ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમત નામું ફરમાવી, તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત કબુલ મં જુર છે કે કેમ ? તે અંગે પુછપરછ કરતા, આરોપીઓએ તહોમતનામા મુજબના ગુના તેઓને કબુલ મંજુર ન હોવાનું જણાવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી તેઓ આગળ ચલાવવા માંગતા હોય, આરોપીઓનો જવાબ આંક–૦૮ થી આંક–૧૦ સુધી રેકર્ડ કરવામાં આવેલ છે અને આરોપીઓ સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૬.** ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

**Sessions Case No.19/2024**

## મૌખિક પુરાવો :–

### ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :–

| ક્રમ | પ્રોસી. સા. નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | PW-1 | ૧૭ | ફરીયાદી | રમેશભાઈ હરૂભાઈ મનવાણી | ૧૧/૦૯/૨૦૨૫ |
| ૨ | PW-2 | ૧૯ | ફરીયાદીના પુત્ર | પંકજ રમેશભાઈ મનવાણી | ૧૧/૦૯/૨૦૨૫ |

### નાયબ મામલતદારનો પુરાવો :–

| ક્રમ | પ્રોસી. સા. નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | PW-3 | ૨૮ | નાયબ મામલતદાર | પુષ્પરાજ ગોપાલભાઈ ઓલીક્ષત્રીય | ૧૨/૦૨/૨૦૨૬ |

### પોલીસ સાહેદ અને ત.ક.અમલદારનો પુરાવો :–

| ક્રમ | પ્રોસી. સા. નં. | આંક | સાહેદની વિગત | સાહેદનું નામ | પુરાવો નોંધ્યા ની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | PW-4 | ૩૩ | હે.કો. | સંજયકુમાર રમણલાલ ચૌધરી | ૨૬/૦૨/૨૦૨૬ |
| ૨ | PW-5 | ૩૯ | આઈ.ઓ. | વિનોદરાય ગોરધનરાય રાઠોડ | ૦૩/૦૩/૨૦૨૬ |

## દસ્તાવેજી પુરાવો:–

| ક્રમ | આંક | રીફર કરવામાં આવેલ સાહેદ | વિગત | તારીખ |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૮ | PW-1 | ફરીયાદ | ૧૮/૦૯/૨૦૨૩ |
| ૦૨ | ૨૦ | -------------- | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮/૦૯/૨૦૨૩ |
| ૦૩ | ૨૧ | -------------- | રીકવરી પંચનામું (લૂંટમાં ગયેલ એકસેસ જી.જે. ૨૭ ટી.સી. ००૪૨ નું કબજે કર્યાનું પંચનામું | ૨૨/૦૯/૨૦૨૩ |
| ૦૪ | ૨૨ | ------------- | આરોપીની અંગ ઝડતી તથા ટી.વી.એસ. જી.જે.૧ એકસ.એચ.૨૪૫૦ નું કબજે કર્યાનું પંચનામું | ૧૦/૧૦/૨૦૨૩ |
| ૦૫ | ૨૩ | ------------ | આરોપી સતેન્દ્રસિંહના બતાવ્યા મુજબનું કલમ–૨૭ મુજબનું પંચનામું | ૧૨/૧૦/૨૦૨૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬ | ૨૪ | ------------ | આરોપી સતેન્દ્રસિંહે મારક હથિયાર બતાવતા કબજે કર્યા અંગેનું પંચનામું | ૧૨/૧૦/૨૦૨૩ |
| ૦૭ | ૨૫ | ------------ | આરોપી ધર્મેનદ્રસિંહે કલમ–૨૭ મુજબ ગુનાવાળી જગ્યા બતાવતા કરેલ પંચનામું | ૧૩/૧૦/૨૦૨૩ |
| ૦૮ | | ------------- | આરોપી રામબરન કલમ–૨૭ મુજબ ગુનાવાળી જગ્યા બતાવતા કરેલ પંચનામું | ૧૩/૧૦/૨૦૨૩ |
| ૦૯ | ૨૯ | PW-3 | આરોપીઓની ઓળખ પરેડ કરેલ કરેલ યાદી | |
| ૧૦ | ૩૦ | PW-3 | આરોપીઓની ઓળખ પરેડ અંગે કરવામાં આવેલ પંચનામું | ૧૨/૧૦/૨૦૨૩ |
| ૧૧ | ૩૪ | PW-4 | સુચીપત્ર | ૧૮/૯/૨૦૨૩ |
| ૧૨ | ૩૫ | PW-4 | સ્ટેશન ડાયરીની નકલ | –––––– |
| ૧૩ | ૩૬ | PW-4 | એફ.આઈ.આર.નકલ | –––––– |
| ૧૪ | ૪૦ | PW-5 | જાહેરનામું | –––––– |
| ૧૫ | ૪૧ | PW-5 | આર્ટીકલ નં.૬ વાળી પંચસ્લીપ | –––––– |

**૦૭. <u>ફરીયાદ પક્ષે કલોઝીંગ :–</u>**

ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા તપાસ્યા બાદ, વિધ્વાન એ. પી. પી.શ્રી દ્વારા આંક–૪૨ ની પુરશીશ થી આ કામે પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**૦૮. <u>આરોપીનો સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ મુજબ બચાવ :–</u>**

આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો પુરો થતા, આ કામે રજુ થયેલ પુરાવાને આધારે આરોપીઓનો સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ એટલે કે, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદપક્ષે લેવાયેલ પુરાવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. સાહેદો તપાસવાનો કે સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી. તેમની સામે ખોટો કેસ કરેલ છે. તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

**૦૯.** આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૮/૦૯/૨૦૨૩ ના કલાક ૧૪.૦૦ ના સુમારે મોટા ચિલોડા થી નાના ચિલોડા તરફ જતા નેશનલ હાઈવે નં.૪૮ ઉપર વલાદ બ્રીજના છેડે જતા હતા તે ત્યારે આ કામના આરોપીઓએ ફરીયાદીનું એકસેસ ઉભી રખાવી, ગાળો કેમ બોલે છે તેમ કહી આરોપી નં.૨ સતેન્દ્રસિંહ ઉર્ફે સત્તે સ/ઓ લાલસિંહ બદનસિંહ દીવાકર (ધોબી) એ ફરીયાદીને ચપ્પુ બતાવી મહાવ્યથા પહોંચાડવાની કોશીશ કરી લુંટ કરી, ફરીયાદી નું એકસેસ ટીસી નં.જી.જે.૨૭ ટી.સી. ૦૦૪૨ ને અન્ય આરોપી લઈ ભાગી જઈ, કિંમત રૂા.૧,૧૦,૦૦૦/- એકસેસની ડેકીમાં મુકેલ રોકડ રકમ રૂા.૧૨૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂા.૨૫,૦૦૦/- મળી કુલ રૂા.૧,૪૭,૦૦૦/- ની મતાની લૂંટ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૫, ૩૯૭ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨:** શુ હુકમ ?

**૧૦.** આ કામે ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ :** નકારમાં.

**મુદ્દા નં. ૨ :** આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**૧૧. ફરીયાદ પક્ષની દલીલ:-**

➢ આ કામે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી પી.ડી.વ્યાસે તેમની ભારપૂર્વક રજુઆત કરી જણાવેલ છે કે, ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો સદર બનાવ સમયે, તારીખે અને સ્થળે ફરીયાદીનું નવું એકસેસ ઉભુ રખાવી ચપ્પુ બતાવી મહાવ્યથા પહોંચાડવાની કોશીશ કરી, એકસેસ તથા તેની ડેકીમાં મુકેલ રોકડ રકમ રૂા.૧૨,૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલની લૂંટ થયેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે. આમ, ફરીયાદ મુજબનો બનાવ બનેલ હોવાની હકીકતને ફરીયાદ પક્ષના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોય, તેથી આરોપીઓને કાયદામાં ઠરાવવામાં આવેલ સજા ફરમાવવા અરજ કરેલ છે.

**૧૨. બચાવ પક્ષની દલીલ :-**

➢ તહોમતદારના વિ.વકીલશ્રીએ અરજ કરેલ છે કે, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓની ઓળખ સ્પષ્ટ પુરવાર થતી નથી. એફ.આઈ.આર. માં આરોપી કોઈ વર્ણન નથી.

ફરીયાદમાં સફેદ કલરનું એકટીવા અને કાળા કલરના મોટર સાયકલનો નંબર લખાવેલ નથી. ફરીયાદીના ઉલટ તપાસ પુરાવાથી એકટીવા અને મોટર સાયકલ પર જે માણસો આવેલા તે આ કામના આરોપીઓ નહી હોવાનું જણાવે છે. ફરીયાદીને છરી બતાવીને તેમના મોટર સાયકલની ચાવી જે માણસોએ લીધેલ તે આ કામના આરોપીઓ નહી હોવાનું ખુદ ફરીયાદ સાહેદના પુરાવાથી જણાઈ આવે છે. આ કામના આરોપીઓનું નામ કે તેમની ઓળખ પુરવાર થતી નથી. આરોપીઓ હિન્દી ભાષી હતા અને એકટીવા ચાલક સફેદ રંગનો શર્ટ પહેરેલ અજાણ્યા ઈસમ તેટલી હકીકત જણાવી દેવાથી હાલનાં આરોપીઓ વિરૂધ્ધનું અનુમાન થઈ શકે નહિ. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

## <u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :-</u>

**૧૩.** હાલના કામે ફરિયાદ પક્ષ ઘ્વારા તહોમતદારો વિરુઘ્ધ ઈ.પી.કોડ કલમ-૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના આક્ષેપો છે, જે આક્ષેપ ફરિયાદ પક્ષ ઘ્વારા રજુ થયેલ પુરાવાથી પૂરવાર થયેલ છે કે કેમ ? તે અત્રે નકકી કરવું જરુરી છે.

**કલમ-૩૯૫ – કોઈપણ વ્યકિત ધાડ પાડે તો,**

''આરોપીએ લૂંટ કરી અથવા લૂંટ કરવાની કોશીશ કરી અથવા લૂંટ કરવા સમયે તેની અપરાધિક હાજરી હતી, અથવા લૂંટ કરવામાં સહાય કરવાની કોશીશ કરી, આવો ગુનો કરવા સમયે આરોપીઓ ની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હોય.

**કલમ-૩૯૭ – મૃત્યુ નિપજાવવા અથવા મહાવ્યથા કરવાની કોશીશ સાથે લૂંટ અથવા ધાડ,**

''ગુનેગાર લૂંટ અથવા ધાડ પાડતી વખતે પ્રાણઘાતક હથિયારોનો ઉપયોગ કરે અથવા કોઈ વ્યકિતને મહાવ્યથા કરે અથવા કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીશ કરે .''

**૧૪.** <u>**ફરીયાદી તથા સાહેદનો પુરાવો :-**</u>

ફરિયાદ પક્ષ તરફથી આ કામના તહોમતદારો વિરુઘ્ધ ઉપરોકત મૂકવામાં આવેલ આક્ષેપ સંદર્ભે રેકર્ડ પર રજૂ કરેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષ તરફે નોંધવામાં આવેલ સાહેદો પૈકી સૌ પ્રથમ અતિ અગત્યના અને મહત્વના ગણી શકાય તેવા ફરિયાદી કે જેમનું એકસેસ આ કામના

આરોપીઓએ ઉભું રખાવી ગાળો કેમ બોલે છે તેમ કહી, આરોપી નં.ર નાએ ફરીયાદીને ચપ્પુ બતાવી મહાવ્યથા પહોંચાડવાની કોશીશ કરી લુંટ કરી, ફરીયાદીનું એકસેસ ટીસી નં.જી.જે.ર૭ ટી.સી. ૦૦૪ર ને અન્ય આરોપી લઈ ભાગી જઈ તેમજ એકસેસની ડેકીમાંની રોકડ રકમ રૂા.૧ર૦૦૦/– તથા સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિંમત રૂા.ર૫,૦૦૦/– મળી કુલ રૂા.૧,૪૭,૦૦૦/– ની મતાની લૂંટ કરેલ છે તે ફરીયાદી/સાહેદનો પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે.

**૧૪.૧** ફરીયાદ પક્ષ તરફથી (PW-1) ફરીયાદી રમેશભાઈ હરૂભાઈ મનવાણીનો આંક–૧૭ થી સોગંદ ઉપર પુરાવો નોંધાયેલ છે. સદર સાહેદના પુરાવાને જોવામાં આવે તો, બનાવ સને ર૦ર૩ માં બનેલો. ત્યારે તેઓ દીપકભાઈ દુધાણીના ભાગમાં આલમપુર શાકમાર્કેટમાં શિવશકિત ફ્રુટની દુકાન પર વેપાર કરતા હોય બનાવના દિવસે ફરીયાદી બપોરે એકસેસ નં. જી.જે.ર૭ ટી ૦૦૪ર નું આલમપુરથી ઘરે જતા હતા ત્યારે એકસેસની ડેકીમાં રોકડ રકમ રૂા.૧ર,૦૦૦/– તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ નં. ૭૪૩૩૯૮૮૬૬ર નો મુકેલો હતો. અને ફરીયાદી વલાદ બ્રીજ નજીક આવતા એક સફેદ રંગના એકટીવા પર ત્રણ જણા આવીને બોલાચાલી કરીને ફરીયાદીના મોટર સાયકલની ચાવી ખેંચીને ફરીયાદીને છરી બતાવતા ગભરાઈ ગયેલો. અને ફરીયાદીનું મોટર સાયકલ લઈ, ચાલુ કરી નીકળી ગયેલ. ફરીયાદીએ બુમો પાડવા છતાં કોઈ આવેલ નહી. જેથી ફરીયાદીએ તેમના ભાગીદારને બનાવની જાણ કરેલી. ફરીયાદીએ બનાવ અંગેની ફરીયાદ નોંધાવેલી. જે આંક–૧૮ થી રજુ છે.

- પોલીસે પુછપરછ કરી નિવેદન લીધેલું. એકટીવા ચાલકે સફેદ શર્ટ પહેરેલ હતો અને હીન્દી ભાષા બોલતા હતા. જેથી જોયેથી ઓળખી શકે. બાઈક કાળા કલરનું હતું. મુદ્દામાલ જોયેથી ઓળખી શકે. પોલીસે ઓળખ પરેડ માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી. આરોપીઓને હાલમાં ઓળખતા નથી.
- આ સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એફ.આઈ.આર. માં આરોપીનું કોઈ વર્ણન લખાવેલું નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની નોકરીનો સમય સવારે ૭.૦૦ થી બપોરે ર.૦૦ વાગ્યા સુધીનો છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

તેઓએ તેમની ફરીયાદમાં સફેદ કલરનું એકટીવા અને કાળા કલરના મોટર સાયકલનો નંબર લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એકટીવા અને મોટર સાયકલ પર જે માણસો આવેલા તે હાલના આ કામના આરોપીઓ ન હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કમના આરોપીઓને આજરોજ અદાલતમાં પ્રથમ વખત જોયેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને છરી બતાવીને તેમના મોટર સાયકલની ચાવી જે માણસોએ લીધેલ તે આજરોજ અદાલતમાં હાજર આરોપીઓ નહતા.

- બચાવપક્ષ નં.૩ તર્ફે સદર સાહેદની આરોપી નં.૧,૨ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસ એડોપ્ટ કરવામાં આવેલ છે.
- આ સાહેદના પુરવાનું મુલ્યાંકન કરીએ તો, સદરહુ સાહેદ ફરીયાદપક્ષે મહત્વના સાહેદ હોવા છતાં પણ તેઓના સમગ્ર પુરાવા દરમ્યાન ફરીયાદમાં તથા નિવેદનમાં આરોપીઓના નામ કે વર્ણન જણાઈ આવતા નથી. માત્ર એક સફેદ રંગના એકટીવા પર ત્રણ જણા આવીને બોલાચાલી કરીને ફરીયાદીના મોટર સાયકલની ચાવી ખેંચી, છરી બતાવીને મોટર સાયકલ લઈ જતા રહેલાનું જણાઈ આવે છે. જેમાં એકટીવા ચાલકે સફેદ શર્ટ પહેરેલ હતો, હીન્દી ભાષા બોલતા અને બાઈક કાળા કલરનું હોવાનું જણાઈ આવે છે. પરંતુ બનાવ સમયે એકટીવા અને કાળા કલરના બાઈક ઉપર આવેલ તે વાહનોના નંબર કે તે ઈસમોના નામ કે ઓળખ અંગેનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી. તેમજ ફરીયાદીના ઉલટ તપાસ પુરાવાથી બનાવ સમયે એકટીવા અને બાઈક ઉપર આવેલ ઈસમો આ કામના આરોપીઓ નહી હોવાનું જણાવે છે. તેમજ આરોપીઓની તેમની રૂબરૂ કોઈ ઓળખ પરેડ પણ કરાવેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદી (આંક-૧૭) ના પુરાવાથી તેઓ બનાવ સમયે તેમનું એકસેસ લઈને વલાદ બ્રીજના છેડે જતા હતા ત્યારે ફરીયાદ મુજબનો બનાવ બનેલાનું જણાઈ આવે છે. પરંતુ આ કામના આરોપીઓએ ફરીયાદીને ચપ્પુ બતાવી ફરીયાદીનું એકસેસ નં. જી.જે.૨૭ ટી.સી ૦૦૪૨ તથા મુકેલ રોકડ રકમ રૂા.૧૨,૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ વિગેરે ની લૂંટ કરી લઈ ગયેલ હોય તેવો સ્પષ્ટ પુરાવો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. જેથી ફરીયાદપક્ષે હાલના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત તહોમત નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

**૧૪.૨** ફરીયાદ પક્ષ તરફથી (PW-2) સાહેદ પંકજ રમેશભાઈ મનવાણીનો આંક–૧૯ થી સોગંદ ઉપર પુરાવો નોંધાયેલ છે. આ સાહેદનો પુરાવો જોઈએ તો, બનાવ સને ૨૦૨૩ માં બનેલો ત્યારે તેમના પિતાજીનો ફોન તેમના ઉપર આવેલ કે, તેઓ એકસેસ ઘરે લઈ જવા નીકળેલ ત્યારે વલાદ બ્રીજના છેડે સફેદ કલરની એકટીવા પર ત્રણ માણસો આવીને એકસેસ આગળ તેમનું એકટીવા ઉભું કરી, એકસીસની ચાવી લઈ, છરી કાઢી, એકટીવા ચાલુ કરી નીકળી ગયેલ અને તેઓએ બુમાબુમ કરતા તરત જ પોલીસના માણસો આવી ગયેલાનું જણાવેલ છે. બનાવ અંગે સાહેદના પિતાએ ફરીયાદ આપતા પોલીસે સાહેદની પુછપરછ કરી નિવેદન લીધેલું.

- આ સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની તેમને કોઈ જાત માહીતી નથી.
- આ સાહેદ ફરીયાદીના પુત્ર ફરીયાદીના કહેવાથી તેઓને બનાવની જાણ થયેલ છે. તેઓને બનાવ ની જાત માહીતી નહોય તેઓનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

**<u>નાયબ મામલતદારનો પુરાવો :–</u>**

**૧૪.3** ફરીયાદ પક્ષ તરફથી (PW-3) નાયબ મામલતદાર પુષ્પરાજ ગોપાલભાઈ ઓલીક્ષત્રીયનો આંક–૨૮ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓ નાયબ મામલતદાર તરીકે તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ તેમની ફરજ પર હાજર હતા ત્યારે ડભોડા પોલીસ સ્ટેશનની પી.આઈ. વી.જી.રાઠોડની યાદી સાથે આરોપી નં.૧ ધમેન્દ્રસિંહ વિવેકભાઈ ધોબી (દવાકર), આરોપી નં.ર સતેન્દ્રસિંહ ઉર્ફે સમો લાલસિંહ દીવાકર, આરોપી નં.૩ દિનેશસિંહ રામબરન રામેશ્વર નાઓની ઓળખ પરેડની યાદી સાથે આવેલ જે સાહેદે રીસીવ કરેલ. જે યાદી આંક–૨૯ થી રજુ છે. તેઓએ આરોપીઓને ઓળખ પરેડ માટે તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ તેમની કચેરીએ ૧૨.૦૦ કલાકે હાજર રહેવા જાણ કરતા આરોપીઓ ૧૨.૦૨ કલાકે હાજર રહેતા પંચ ઠાકોર પ્રદીપભાઈ દિનેશભઈ સોલંકી, પ્રકાશભાઈ ભારતસિંહને ઓળખ પરેડ રૂમમાં કોઈ જોઈ ન જાય તે રીતે બાજુમાં એન્ટી ચેમ્બરમાં આરોપીઓને બેસાડી, પંચોને અલગ બેસાડી જાહેર જનતાના આરોપીઓની ઉંમરના ૧૪ ઈસમોને બોલાવીને પંચનામાની વિગતે ઉભા રાખી, આરોપીઓ ને ઓળખ પરેડમાં બોલાવી તેઓને તેમની હેરસ્ટાઈલ, પગરખા, પહેરવેશ બદલવા જાણ કરતા તેઓએ તે નહી કરી

તેમની મરજીથી ઉભા હેવાનું જણાવતા ધમેન્દ્રસિંહ અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે અને સતેન્દ્ર સિંહ અનુક્રમ નં.૯ અને ૧૦ ની વચ્ચે અને દિનેશસિંહ અનુક્રમનં.૬ અને ૭ ની વચ્ચે ઉભા રહયા બાદ ફરીયાદીને ઓળખ પરેડ રૂમમાં બોલાવતા ફરીયાદી અને પંચ નં.ર રૂમમાં હાજર થતા ત્રણેય આરોપીઓને હાથ પકડીએ ઉભા રાખેલા તે અંગેનું આંક–૩૦ ની વિગતે પંચનામું કરેલ જેમાં બે પંચો અને રૂબરૂ તરીકે સાહેદે પોતાની સહી કરેલાનું ઓળખી બતાવેલ છે.

- આ સાહેદે બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓને પોલીસ વાળા લઈને આવેલા ત્યારે તેઓ તેમની ઓફીસમાં હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ પોલીસ વાળા લઈને આવ્યા ત્યારે તેમના મોઢા ઉપર કપડું બાંધેલું નહતી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદી મામલતદાર કચેરીમાં શરુઆત થી હાજર હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની કચેરીમાં ડમી માણસો પોલીસે બોલાવેલા હતા. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ઓળખ પરેડની યાદી પોલીસે તૈયાર કરેલી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદી પહેલા થી તેમની કચેરીમાં હાજર હતા જેથી આરોપીઓને પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલ છે.
- સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તેઓએ આરોપીઓની ઓળખ પરેડની કરેલ કાર્યવાહી ને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે. પરંતુ તેમના પુરાવાને ફરીયાદી સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. જેથી આ સાહેદનો પુરાવો ગૌણ બની જાય છે.

**<u>પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો :–</u>**

**૧૪.૪** ફરીયાદ પક્ષ તરફથી (PW-4) સદર ગુનાની ફરીયાદ નોંધનાર હે.કો. સંજયકુમાર રમણલાલ ચૌધરીનો આંક–૩૩ થી સોગંદ ઉપર પુરાવો નોંધાયેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ ડભોડા પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે હાજર હતા અને પી.એસ. ઓ.ના ચાર્જમાં હતા તે દરમ્યાન ફરીયાદીની પી.એસ.આઈ. એમ.એસ.રાણાના રૂબરૂની ફરીયાદ આંક–૩૪ ના સુચીપત્ર હુકમ સાથે આવતા તેઓએ સ્ટેશન ડાયરી ના એન્ટ્રી નં.૧૪/૨૦૨૩ થી કલાક ૧૬.૧૫ થી, ઈ.પી.કો.કલમ–૩૯૫,૧૩૫ મુજબના ગુનાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરી આગળની તપાસ પી.આઈ. વી.જી.

રાઠોડને મોકલી આપેલ. જે સ્ટેશન ડાયરીની નકલ આંક–૩૫ અને એફ.આઈ.આર. ની આંક–૩૬ થી નકલ રજુ છે.

- આ સાહેદે બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરતા તેઓએ આ કામે ગુનો રજીસ્ટર કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નહી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

**૧૪.૫** ફરીયાદ પક્ષ તરફથી (PW-5) પી.એસ.આઈ. વિનોદરાય ગોરધનરાય રાઠોડનો આંક–૩૯ થી સોગંદ ઉપર પુરાવો નોંધાયેલ છે. આ સાહેદ ના પુરાવા મુજબ તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ ડભોડા પોલીસ સ્ટેશનમાં સર્કલ પી.આઈ.ના ચાર્જમાં હતા ત્યારે હે.કો. સંજયકુમાર રમણલાલ નાઓએ ડભોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૮૦/૨૦૨૩ ની ફરીયાદ આંક–૩૪ ના સુચીપત્ર હુકમ તથા આંક–૧૮ થી ફરીયાદ સાથે સોંપતા સંભાળી, બનાવવાળી જગ્યાએ જઈ ફરીયાદી તથા તેમના સગા સંબંધીઓનું નિવેદન લઈ, પંચોની હાજરીમાં જરુરી પંચનામા કરી આરોપીઓ ને અટક કરી, મે.જીલ્લા મેજીસ્ટ્રેટનું હથિયાર બંધીનું આંક–૩૦ વાળું જાહેરનામું અમલમાં હોય મેળવી, બનાવવાળી જગ્યાની આજુબાજુના લાગતા–વળગતા સાહેદોના નિવેદન લઈ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તેમની સામે અદાલતમાં ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે.

- આ સાહેદે બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એકટીવા મુદ્દામાલ તરીકે કબજે કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એકટીવાનો નંબર પણ એફ.આર.આર. માં લખેલ નથી. જયારે અન્ય ખંડનાત્મક સવાલોનો ઈન્કાર કરેલ છે.

- આમ, ઉપરોકત પોલીસ સાહેદોના પુરાવાનું સમગ્ર રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો આંક–૩૩ ના સાહેદે માત્ર ગુનો રજીસ્ટર કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. જયારે આંક–૩૯ ના તપાસ કરનાર અમલદારનો પુરાવાથી તેઓ ધ્વારા કરવામાં આવેલ પંચનામાઓ પુરાવાના કાયદાની જોગવાઈઓ અનુસાર ફરિયાદપક્ષના પુરાવાથી ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબ પૂરવાર થઈ શકેલ નથી. વળી, આ અધિકારીશ્રીએ સાહેદોના નિવેદનો નોંધેલાનું જણાવેલ છે. પરંતુ, મહત્વના ગણી શકાય એવા ફરીયાદી સાહેદના પુરાવા થી સદરહું

બનાવમાં હાલના આરોપીઓની સ્પષ્ટ સંડોવણી સાબીત થતી ન હોય, સદરહું પોલીસ સાહેદના પુરાવાને આધારે આરોપીઓ વિરૂધ્ધનું અનુમાન થઈ શકે નહિ.

**૧૫. <u>સમગ્ર પુરાવાઓનું મૂલ્યાંકન</u> :–**

આમ, હાલના કામે તહોમતદાર વિરુધ્ધ પોતાનો કેસ પૂરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું સમગ્ર રીતે મૂલ્યાંકન કરતા ફરિયાદ પક્ષ તરફે આ કામે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તે પૈકી આંક–૧૭ થી તપાસેલ ફરીયાદી સાહેદ કે જેઓ બનાવમાં ભોગ બનનાર છે તેમજ આંક–૧૯ ના સાહેદ કે જેઓ ફરીયાદીના પિતાજી થાય છે. તેમને ફરીયાદીના કહેવાથી બનાવની જાણ થયેલ છે. તેઓને બનાવની જાત માહીતી નથી. જ્યારે આ કામના ફરીયાદી સાહેદના પુરાવાથી સદર ગુન્હાહિત કૃત્યમાં આ આરોપીઓની સ્પષ્ટ સંડોવણી હોવા અંગેનો કોઈ પુરાવો આપેલ નથી. જેથી હાલના આ બનાવ સાથે આ કામના તહોમતદારોને સાંકળતી કોઈ હકીકત ફરીયાદપક્ષ તેમના પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. આ કામના આરોપીઓએ બનાવ સમયે લૂંટ કરી અથવા લૂંટ કરવાની કોશીશ કરી અથવા લૂંટ કરવા સમયે તેની અપરાધિક હાજરી હતી, અથવા લૂંટ કરવામાં સહાય કરવાની કોશીશ કરી, આવો ગુનો કરવા સમયે આરોપીઓ કુલ પાંચ કે તેથી વધારે હોવાનો કે, આ કામના આરોપીઓ એ લૂંટ અથવા ધાડ પાડતી વખતે પ્રાણઘાતક હથિયારોનો ઉપયોગ કરે અથવા ફરીયાદીને વ્યકિતને મહાવ્યથા કરે અથવા ફરીયાદીનું મૃત્યુ નિપજાવવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીશ કરેલ હોવા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષ ઈ.પી.કો.કલમ–૩૯૫,૩૯૭ તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના તત્વો પુરવાર થતા નથી.

**૧૬.** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાના અંતે એવા તારણ ઉપર આવી શકાય તેમ છે કે, ફરીયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો એટલો ગુણવત્તાસભર અને વિશ્વસનીય જણાતો નથી, જેના થકી આ કામના આરોપીઓને આક્ષેપીત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય. તેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારાત્મક'' આપી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ

ફરમાવવામાં આવે છે.

## **-:: હુકમ ::-**

**૧.** આ કામના આરોપી નં.(૧) **ધમેન્દ્રકુમાર ઉર્ફે વિવેક સ/ઓ બંગાલીબાબુ દિવાકર (ધોબી),** રહે. મકાન નં.૫૦૩, અંબીકાનગર, નેતાજીની સામે, મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર, અમદાવાદ, મુળ રહે. ગામ-ગઢી ઉદયરાજ, તા.ફતેહાબા જી.આગર, ઉત્તર પ્રદેશ, **(૨) સતેન્દ્રસિંહ ઉર્ફે સત્તે સન/ઓ લાલસિંહ બદનસિંહ દીવાકર (ધોબી),** રહે. ગલી નં.૧, આંબેડકર નગર, પ્રેમનગર મેમ્કો ચાર રસ્તા નજીક, મેઘાણીનગર, અમદાવાદ, મુળ વતન-ગામ ગઢી ધર્મજીત, ધાનોલા ફળી, તા.ફતેઆબાદ, જી.આગરા, ઉત્તરપ્રદેશ, **(૩) દીનેશસિંહ સન/ઓ રામબરન રામેશ્વર કુશવા,** રહે. મ.નં. ૩૦૯, માતૃભુમી સોસાયટી, કલાપી નગર, મેઘાણીનગર, જી.અમદાવાદ, મુળ રહે. ગામ- રોન્દા, પ્રતાપકા, પુળા, તા.અટેર, જી. ભીંડ, મધ્યપ્રદેશ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) મુજબના ડભોડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૦૪૨૩૦૪૮૦/૨૦૨૩, ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૯૫, ૩૯૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ વાહન, મોબાઈલ તથા રોકડ રકમ અંગે અગાઉ જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ રાખવો અન્યથા તે અંગે અલગથી અરજી કરવી. જયારે મુદ્દામાલ મારક હથિયાર અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ અન્વયે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા.

આ હુકમ આજ તારીખ-**૦૧**લી માહે **એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬.
ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર

**//PSP//**